નડિયાદ સંતરામ મંદિરમાં માનસ સેવા કથા

સંતો-મહંતોના આશીર્વાદથી ગુજરાતની ભૂમિ પવિત્ર બની

સંતરામ મંદિર સમગ્ર વિશ્વમાં એક આદર્શ શ્રદ્ધાનું પ્રતિક હોવાનો મુખ્યમંત્રીનો દાવો : બાબા રામદેવ પણ ઉપસ્થિત

ગાંધીનગર,તા.૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે, સંતો-મહંતોના આશીર્વાદ અને તપથી ગુજરાતની ભૂમિ પાવન અને પ્રતિષ્ઠિત છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, પ.પૂ.યોગીરાજ અવધૂત, પૂ.સંતરામ મહારાજે વર્ષોથી નાત-જાતના ભેદભાવ વગર જીવ માત્રની સેવા કરી જનસેવાનો યજ્ઞ આરંભ્યો છે, તેને કારણે સંતરામ મંદિર આજે સમગ્ર વિશ્વમાં આદર શ્રધ્ધા નું પ્રતિક છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે નડિયાદ ખાતે યોગીરાજ અવધૂત સંતરામ મહારાજના ૧૮૮ મા સમાધિ મહોત્સવ તથા પૂ. લક્ષ્મણદાસજી મહારાજના સાર્ધ સમાધિ મહોત્સવ નિમિતે મહંત રામદાસજી મહારાજની નિશ્રામાં યોજાયેલ સુપ્રસિધ્ધજ રામ કથાકાર પૂ.મોરારીબાપુની માનસ સેવા ધર્મ કથામાં સહભાગી થયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી તથા મહાનુભાવોના હસ્તી સંતરામ સૌરભ આઠમી આવૃતિનું વિમોચન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ સંતરામ મંદિર ખાતે પૂ.રામદાસજી મહારાજ, પૂ.મોરારિ બાપુ, યોગ ગુરૂશ્રી રામદેવજી મહારાજના આશીર્વાદ મેળવી યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની સમાધિ ઉપર નતમસ્તક વંદન કરી ઉન્નીત-પ્રગતિશીલ ગુજરાત માટે વાંછના કરી હતી. મુખ્યમંત્રીએ કહયું કે, સંતરામ મંદિરે જનસેવાની અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરી સમાજના છેવાડાના ગરીબ લોકોને ઉપયોગી બની જનસેવાનું અનેરૂં કાર્ય કર્યું છે. જેને રામદાસ મહારાજ આગળ વધારી રહયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૌના સાથ સૌના વિકાસ મંત્ર સાથે ''ચલો જલાયે દિપ, જહાં અભી ભી અંધેરા હૈ'' ના મંત્રને સાકાર કરવા સમાજ-જન સેવાના કાર્યો કરવા મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, સંતરામ મંદિર દ્વારા ચરોતરમાં જળ સંચયથી માંડીને અનેકવિધ માનવ સેવાના કામો થઇ રહયા છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ગળતેશ્વર મંદિરના જિર્ણોધ્ધારનું કામ સંતરામ મંદિરના સહયોગથી આગળ વધી રહયું છે.

સતત અઢી મહિનાથી પડતી ઠંડી હવે આકરી લાગે છે

છેલ્લા ઘણા દિવસોથી લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ રહેતા વસાહતીઓ ઠંડીથી અકળાઈ ઉઠ્યા છે : ઠંડીથી રાહત મળે તેવા હાલ કોઈ અણસાર નહી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં છેલ્લા દોઢ-બે મહિનાથી આકરી ઠંડી પડી રહી છે. આકરી ઠંડીના પગલે વસાહતીઓ હવે અકળાઈ રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ રહેતા ઠંડી ખૂબ જ આકરી લાગી રહી છે.

આ વર્ષે ઠંડીએ છેલ્લા દાયકાના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. અગાઉના વર્ષોમાં ઠંડી પડતી હતી પરંતુ માંડ પંદર-વીસ દિવસ ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની આસપાસ રહેતો હતો. પરંતુ આ વર્ષે ઠંડી ખૂબ લાંબી ચાલી છે. ડિસેમ્બર માસની શરૂઆતથી જ ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની નીચે પહોંચી ગયો હતો. આખો ડિસેમ્બર માસ અને જાન્યુઆરી માસ હાડ થીજવતી ઠંડી પડી હતી. લોકો ઘરની બહાર પણ ન નીકળી શકે તેવી આકરી ઠંડી ઘણા દિવસોથી અનુભવાતી હતી. ઘરના બારી-બારણાં સતત બંધ જ રાખવા પડે છે. આ વર્ષે જમ્મુ-કાશ્મીર અને હિમાચલપ્રદેશના પર્વતીય વિસ્તારોમાં સતત બરફવર્ષા થઈ રહી છે. જેની સીધી અસર ગુજરાત રાજસ્થાનના મેદાની વિસ્તારોમાં થઈ રહી છે. વળી સતત ફુંકાતા ઠંડા પવનોએ દિવસનું તાપમાન પણ ગગડાવી નાંખ્યુ હતુ. હજુ વારંવાર ઠંડા પવનો એકાએક જ ઠંડીમાં વધારો કરી દે છે.

ગુજરાત જેવા બહુ ગરમ વિસ્તારમાં આટલા લાંબા સમય સુધી ઠંડી પડી હોય તેવુ વર્ષ દાયકાઓ બાદ આવે છે. અહી ઘણા દિવસો સુધી ઠંડી પડતી હોય તેવો માહોલ ન હોવાથી ઘણા ઓછા ઘરોમાં હીટર જેવા સાધનો જોવા મળે છે. આ વર્ષે ઠંડી વધુ પડતા ઘણા વસાહતીઓને હીટર જેવા સાધનો વસાવવાની જરૂરીયાત રહી હતી. હજુ જમ્મુ-કાશ્મીરમાં બરફવર્ષા થઈ રહી હોવાથી આગામી થોડાક દિવસ ઠંડીથી કોઈ છૂટકારો મળે તેવુ લાગતુ નથી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટીટયુટ ઑફ સાયન્સીસ ઍન્ડ રીસર્ચ માં વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા 'સ્ત્રી સશક્તિકરણ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમા ગાંધીનગર પોલીસ ભવન સીઆઇડી ક્રાઇમબ્રાંચમાંથી ડીવાયએસપી એસ. એમ. ચૌધરી અને પીએસઆઈ અંજનાબેન કે. ઝાલાએ ઉપસ્થિત રહી મહિલાઓ પોતાના હક્કો અંગે જાગૃત થાય તથા આત્મ રક્ષા કરતા શીખે તે માટે માહિતગાર કર્યા હતાં. આ સેમિનારમાં કૉલેજનાં પ્રિન્સીપાલ ડૉ. કેયુર શાહ, સમસ્ત મહિલા પ્રાધ્યાપકો તથા ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ હાજરી આપી. તથા વિદ્યાર્થીનીઓ માટે વુમન ડેવલપમેન્ટ સેલનાં કૉઓર્ડીનેટર ડૉ. ભારતી પટેલ અને ડૉ. કામના ગોએલ દ્વારા સ્પોટ ફોટોગ્રાફી ઈવેન્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમા ૧૫ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

મોરપીંછ જપ્ત કરવાના કેસમાં બળવંતસિંહ રાજપૂત સૂત્રધાર

અમદાવાદ,તા.૯

શહેરના નારોલ વિસ્તારમાંથી ગઈકાલે બે ટ્રક ભરીને રાષ્ટ્રીય પક્ષી એવા મોરના પીંછા મળી આવતાં શહેર સહિત રાજયભરમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો હતો. ઈતિહાસમાં સૌપ્રથમવાર નારોલના શાહવાડી વિસ્તારમાં પ્રભાત સોસાયટીમાંથી આટલી મોટી સંખ્યામાં મોરપીંછ મળતાં ખુદ રાજયનું વનવિભાગ અને પોલીસ સત્તાવાળાઓ દોડતા થઈ ગયા

હતા. કારણ કે, મોર એ રાષ્ટ્રીય પક્ષી છે અને તેને મારવું એ ગંભીર ગુનાની વ્યાખ્યામાં આવે છે ત્યારે આટલા બધા મોરપીંછ કયાંથી અને કેવી રાતે આવ્યા અને તે કયાં લઈ જવાના હતા તેમ જ તેનો શેમાં ઉપયોગ કરવાનો હતો તે સહિતના તમામ મુદ્દે હવે પોલીસ અને વનવિભાગે તપાસ શરૂ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર તરીકે બળવંતસિંહ રાજપૂત નામના આરોપીનું નામ ખૂલ્યું છે. પોલીસે ફરાર બનેલા બળવંતસિંહ રાજપૂતની ધરપકડના ચકો ગતિમાન કર્યા છે. બીજીબાજુ, મોરપીંછની હેરાફેરી પ્રકરણમાં ગઈકાલે પોલીસ અને વનવિભાગની તપાસમાં અંતરાય ઉભો કરી રહેલી બળવંતસિંહ રાજપૂતની પત્ની સામે પણ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. વનવિભાગ દ્વારા બે ટ્રક ભરીને મળી આવેલા મોરપીંછને લેબોરેટરી પરીક્ષણ અર્થે દહેરાદૂનની લેબમાં મોકલી આપ્યા હતા, હવે તેના રિપોર્ટની રાહ જોવાઇ રહી છે. ઉલ્લેખનીય છે કે, શહેરના નારોલ વિસ્તારમાં શાહવાડી ખાતે પ્રભાત સોસાયટીમાં બે આઈશર ટ્રકમાં રાષ્ટ્રીય પક્ષી મોરના પીંછા હોવાની બાતમી પોલીસને મળતાં વનવિભાગ અને પોલીસના અધિકારીઓ ત્યાં ત્રાટકયા હતા. પોલીસ અને વનવિભાગના અધિકારીઓએ ઘટનાસ્થળેથી બે આઈશર ટ્રક જપ્ત કરી તેમાં તપાસ કરતાં રાષ્ટ્રીય પક્ષી મોરના થોકબંધ પીંછા ટ્રક ભરીને મળી આવ્યા હતા, જે જોઈ ખુદ પોલીસ અને વનવિભાગના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. તમામ મોરપીંછ ભેગા કરીને નિયત સંખ્યામાં રબરબેન્ડ જેવી વસ્તુથી વીંટાળવામાં આવ્યા હતા. પોલીસે મોરપીંછનો તમામ જથ્થો જપ્ત કરી સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. વનવિભાગના અધિકારીઓએ પણ વન્ય પ્રાણી રક્ષણ અધિનિયમ હેઠળની જોગવાઇ અન્વયે તપાસ શરૂ કરી હતી.

કોંગ્રેસની રાષ્ટ્રીય કારોબારીની બેઠક ગુજરાતમાં યોજાશે

રાહુલ ગાંધીએ તમામ રાજયોના કોંગ્રેસના પ્રદેશ પ્રમુખની સાથે બેઠક કરી : ગુજરાતમાં ચૂંટણી ઢંઢેરા કમિટિની બેઠક

ગાંધીનગર,તા.૯

લોકસભા ૨૦૧૯ની મહત્વની અને પ્રતિષ્ઠાભરી ચૂંટણીને લઈ આજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ દેશના તમામ રાજયોના કોંગ્રેસના પ્રદેશ પ્રમુખો અને વિપક્ષના નેતાઓ સહિતના કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ સાથે નવી દિલ્હી ખાતે ખૂબ જ અગત્યની બેઠક યોજી હતી અને લોકસભાની ચૂંટણીને લઈ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરી જરૂરી સૂચનાઓ જારી કરી હતી. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી પણ ખાસ હાજર રહ્યા હતા. લોકસભાની ચૂંટણીને લઈ આ વખતે કોંગ્રેસ વર્કીંગ કમીટીની બેઠક ગુજરાતમાં રાખવા અંગેની તેમની માંગણી કોંગી હાઈકમાન્ડે ગ્રાહ્ય રાખી હતી. જેને પગલે કોંગ્રેસની આગામી વર્કીંગ કમીટીની બેઠક ગુજરાતમાં યોજાશે, જેને લઈ ગુજરાત કોંગ્રેસમાં ભારે ઉત્સાહ અને નવા જોમનો સંચાર થયો છે. તો, ગુજરાતમાં આજે કોંગ્રેસની ચૂંટણી ઢંઢેરા સમિતિ અને કેમ્પેઇન કમીટીની બેઠકો મળી હતી. ચૂંટણી ઢંઢેરાની સમિતિની બેઠક ચેરમેન મધુસૂદન મિસ્ત્રીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં લોકસભાની ચૂંટણીને લઈ કેન્દ્ર સરકાર ગુજરાત માટે શું કરી શકે એમ છે અને ગુજરાતમાં પ્રજાજોની શિક્ષણ, રોજગાર, પીવાના પાણી, આરોગ્યવિષયક, ખેડૂતો, આદિવાસીઓ, લઘુઉદ્યોગ સહિતના અનેકવિધ મુદ્દે શું વ્યથા અને માંગણી છે તેને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં સમાવવાનો પ્રયાસ કરાશે અને પ્રજાની સમસ્યાઓના નિરાકરણ માટેની તત્પરતા દાખવાશે.જો કે, ચૂંટણી ઢંઢેરા સમિતિની આ બેઠકમાં કોંગ્રેસના યુવા ધારાસભ્ય અલ્પેશ ઠાકોરની ગેરહાજરી સૂચક રહી હતી. બીજીબાજુ, લોકસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસની કેમ્પેઇન કમીટીની બેઠક આજે ચેરમેન સિધ્ધાર્થ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં લોકસભાની ચૂંટણીને લઈ ગુજરાતમાં કોંગ્રેસના પ્રચારની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. અમદાવાદમાં કોંગ્રેસનો સંવિધાન બચાવો દેશ બચાવો કાર્યક્રમ યોજશે. આ કાર્યક્રમમાં કોંગ્રેસના કેન્દ્રીય નેતા કુમારી શૈલજા પણ હજાર રહેશે. લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં કોંગ્રેસ ૫૦૦ સભાઓનું આયોજન કરી રહી છે તેવું સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું. એક વિધાનસભા દીઠ ત્રણ જાહેર સભાનું આયોજન કોંગ્રેસ કરશે. મહિલા, યુવાનો માટે કોંગ્રેસ વિશેષ કાર્યક્રમ યોજશે. લોકસભાની ચૂંટણી લઈ ઘડાયેલી રણનીતિનો આગામી દિવસોમાં અમલ પણ થશે. કોંગ્રેસ કેમ્પઈન કમિટી પ્રથમ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. જે મુજબ, લોકસભા ચૂંટણીમાં ૪૦થી વધારે રાષ્ટ્રીય નેતાઓને સભા અને પ્રચાર માટે બોલાવાશે.

ઈન્કમટેક્સ ચાર રસ્તા પાસે ફ્લાય ઓવરનું કામ ચાલી રહ્યું છે જેના લીધે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમાને કોઈ નુકસાન ન થાય તે માટે પણ કાળજી રાખવામાં આવી છે.

મહિલા પી.એસ.આઈ. લાંચમાં મળેલા એસીની સાથે રંગેહાથ પકડાયા

અમદાવાદ,તા. ૯

સામાન્ય રીતે સરકારી અધિકારીઓ નાગરિકોને પરેશાન નહીં કરવા અથવા તેમનું કામ સરળતાપુર્વક કરવા પેટે લાંચમાં રૂપિયા માગતા હોય છે, ઘણા અધિકારીઓ પૈસા ઉપરાંત વિવિધ વસ્તુઓની પણ માગણી કરતા હોય છે, આવી જ એક ઘટનામાં સાવરકુંડલાના મહિલા પોલીસ સઈન્સપેકટરે આરોપીપક્ષને પરેશાન નહીં કરવા બદલ તેઓની પાસેથી એરકંડીશનની માગણી કરી હતી. આ અંગે ગુજરાત એસીબીને મળેલી માહિતીને આધારે મહિલા પીએસઆઈએ પોતાના સરકારી કવાર્ટરમાં એસી મંગાવ્યુ તેની સાથે એસીબીએ તેમને રંગેહાથ ઝડપી લીધા હતા.

સરકારી અધિકારીઓને હવે રોકડના બદલે મોંઘીદાટ ચીજવસ્તુઓ અપાતી હોઈ લાંચના આ નવા પ્રકારને લઈને પણ એસીબીએ કડક વલણ અપનાવ્યું છે અને ભ્રષ્ટ અધિકારીઓને સંકજામાં લેવાનો તખ્તો ગોઠવ્યો છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વડા પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા દુષ્પ્રેરણનો એક ગુનો નોંધાયો હતો. આ કેસના આરોપીની અટકાયત નહીં કરવા તેમજ પરેશાન નહીં કરવા માટે મહિલા પોલીસ સબ ઈન્સપેકટર ચેતના કણસાગરાએ રૂપિયા ૭૫ હજાર રૂપિયા લાંચ પેટે લઈ લીધા હતા, પરંતુ ૭૫ હજાર લીધા બાદ પણ પીએસઆઈ કણસાગરાની માંગણીઓ વધી ગઈ હતી અને તેમણે મીતાશી કંપનીનું એરકંડીશન આપવાની આરોપીપક્ષ પાસે માંગણી કરી હતી. આમ આ કેસના આરોપી પીએસઆઈની માંગણીઓને કારણે કંટાળી તેમણે ગુજરાત એન્ટી કરપ્શન બ્યૂરોમાં ફરિયાદ કરી હતી. એસીબીના અધિકારીઓ આ અંગે છટકાનું આયોજન કરતા આ કેસના આ ફરિયાદીએ દુકાનમાંથી રૂ.૨૭ હજાર ચુકવી એરકંડીશન ખરીદયુ હતું, એસી ખરીદયા પછી બીલ સાથે ફરિયાદી પંચની સાથે મહિલા પીએસઆઈના સાવરકુંડલા પોલીસ લાઈનમાં એસી આપવા પહોંચ્યા, ત્યારે પીએસઆઈએ એસી સ્વીકારતા, એસીબીના અધિકારીઓએ મહિલા પીએસઆઈને ઝડપી લીધા હતા. લાંચ રૂશ્વત વિરોધી અધિનિયમ ૧૯૮૮ પ્રમાણે સરકારી કર્મચારી પોતાના પગાર ઉપરાંત કોઈની પાસેથી રોકડ અથવા તેના બદલામાં કોઈ વસ્તુની માગણી કરે તો તે પણ લાંચ ગણવામાં આવે છે. તેથી એસીબીએ તે મુજબનો ગુનો નોંધી મહિલા પીએસઆઇ વિરૂધ્ધ વધુ તપાસ હાથ ધરી છે. બનાવને પગલે અમરેલી જિલ્લાના પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી.

ખાડી પર યોગ્ય રસ્તો ન હોવાથી બે બાળકો ડૂબ્યા

સુરતમાં કડોદરા રોડ નજીક સનીય હેમાંદ વિસ્તારમાંથી પસાર થતી ખાડીમાં આજે બે બાળકો ડૂબતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. સ્થાનિક સત્તાધીશો અને તંત્ર દ્વારા અહીંથી પસાર થતી ખાડી પરથી પસાર થવા માટે યોગ્ય રસ્તો નહી બનાવાતા બે બાળકો આજે ખાડીમાં પડતાં આ દુર્ઘટના સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. સ્થાનિક સત્તાતંત્રની ગંભીર બેદરકારીના કારણે આ ખાડી પરથી લોકો માત્ર પાટિયા જેવા લોખંડના પોલ પરથી પસાર થવા મજબૂર બન્યા છે. સુરતનાં કડોદરા રોડ નજીક આવેલા સનીયા હેમાંદની આ ઘટનાને પગલે તંત્ર દોડતું થઈ ગયું છે અને ખાડીના પાણીમાં ડૂબેલા બાળકોને શોધખોળના પ્રયાસો યુધ્ધના ધોરણે હાથ ધરાયા છે.

વણિકર ભવનના કબ્જા પ્રશ્ને કાર્યકર બાખડી પડતા વિવાદ

પાલડીની મહાલક્ષ્મી સોસાયટીમાં આવેલા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કાર્યાલય વણિકર ભવનના કબ્જાના મુદ્દે આજે વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ (એએચપી)ના કાર્યકરો સામ સામે આવી ગયા હતા અને એક તબક્કે બંને સંસ્થાના કાર્યકરો અને આગેવાનો વચ્ચે ઝપાઝપી થતાં વાતાવરણ ગરમાયું હતું.

વીએચપી અને આરએસએસના કાર્યકરોએ વણિકર ભવનમાં પ્રવેશી ગેરકાયદે કબજો લેવાનો પ્રયાસ કરતા વાત વણસી હતી. એએચપીએ દાવો કર્યો હતો કે, આ સંકુલની જગ્યા તેમના કબ્જામાં છે અને તે પણ કોર્ટના આદેશ તેમ કોર્ટ કમીશનના નિર્ણય મુજબ તેઓનું પઝેશન બોલે છે પરંતુ ડો.પ્રવીણ તોગડિયા વીએચપીમાંથી હકાલપટ્ટી બાદ હવે સરકારના ઈશારે આ ભવન પચાવી પાડવાના વીએચપી દ્વારા હીન પ્રયાસો થઈ રહ્યા છે.

વધુ ઠંડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગત સપ્તાહ દરમિયાન બે દિવસ ઠંડીનુ જોર એકદમ હળવુ થતા નગરજનોએ ગરમ કપડા પણ પહેરવાનુ બંધ કરી દીધુ હતુ. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળી રહ્યો છે. સતત ઠંડીનો પારો ગગડતા આજે લઘુત્તમ તાપમાન ૬.૪ ડિગ્રી પહોંચી ગયુ હતુ. સતત બે દિવસથી ઠંડીનો પારો ગગડતા નગરજનો આક્રમક કોલ્ડવેવ વચ્ચે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. ઠંડીએ કાળોકેર વર્તાવ્યો છે. આ વર્ષે નગરજનો માટે શિયાળો વધુ આકરો પુરવાર થયો છે. લઘુત્તમ તાપમાન નીચે આવવાનુ નામ ન લેતા ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં જ જોવા મળે છે. આમ નાગરિકો સવારે અને સાંજ ઢળ્યા બાદ ઘરની બહાર નિકળતા નથી. કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે.જેના લીધે નગરના શોપિંગ બજારોમાં પણ સાંજ ઢળતા સન્નાટો છવાઇ જાય છે.વેપારી વર્ગ પણ રાત્રિના વહેલા દુકાનના શટર પાડી દે છે. બીજીતરફ આકરી ઠંડી વચ્ચે નગરમાં નિખરેલી લગ્નસરાની મોસમ પણ પ્રભાવિત થઇ છે. રાત્રિના સમયે લગ્નના ગરબા મહોત્સવમાં પણ પાંખી હાજરી જોવા મળી રહી છે. ઠંડીથી બચવા માટે શ્રમિકોએ તાપણાનો આશરો લીધો છે.જયારે સેવાભાવી આગેવાનો તેમજ સંસ્થાઓ દ્વાર શ્રમિકોને ગરમ કપડાનુ વિતરણ પણ કરવામાં આવી રહ્યુ છે. આકરી ઠંડીએ વૃધ્ધો અને બાળકોની હાલત કફોડી કરી છે. ઠંડીના લીધે તાવ શરદી ના દર્દીઓ પણ વધ્યા છે. આજે સિઝનની મહત્તમ ઠંડી વચ્ચે નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. ઠંડીનો કહેર વિકરાળ બનતા જન આરોગ્ય પણ પ્રભાવિત થયુ છે. ઠંડીથી જનજીવન સુન્ન પડી ગયુ છે.

ટ્રેઈન સેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંખ્યા વિશેષ છે. જયારે ગાંધીનગરના આ મુસાફરોએ હાલ એસ ટી બસ તેમજ ખાનગી બસસેવાના આશરે રહેવુ પડે છે. પરંતુ ટ્રેઈનની સલામત મુસાફરીનો પણ હવે આ યાત્રિકોને લાભ મળશે. જયારે આ ટ્રેઈન દૈનિક ભાવનગર ટર્મિનસથી ઉપડીને સિંહોર, ઘોઘા, બોટાદ,સુરેન્દ્રનગર,ગેટ વિરમગામ, આંબલી રોડ થઈને ગાંધીનગર આવશે. જેથી સુરેન્દ્રનગરથી આવતા જતા મુસાફરોને પણ આ ટ્રેઈન સેવાનો લાભ મળશે. ગાંધીનગરથી અવરજવર કરતી ટ્રેઈનનુ મહામંડળ દ્વારા સ્વાગત કરવામાં આવે છે જે મુજબ ભાવનગરથી આવતી ટ્રેઈનનુ પણ સ્વાગત કરવામાં આવશે. આ તબક્કે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ , મયુર વ્યાસ , કીશોર જીકાદરા સહીતના આગેવાનો હાજરી આપશે. નગરજનોને પણ ઉપસ્થિત રહેવા માટે મહામંડળ દ્વારા જણાંવાયુ છે. કેપિટલ સ્ટેશનને અનુલક્ષીને હાલ ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ પણ હાથ ધરાયુ છે. જયારે આ કામગીરીના અંતે નવી ટ્રેઈનો શરૂ કરવા માટે પણ રેલવે વિભાગ દ્વારા આયોજન કરી દેવાયુ છે. આગામી દિવસોમાં ગાંધીનગરને નવી ટ્રેઈનો મળે તેવી પણ શક્યતા છે. કેપિટલ સ્ટેશનથી વધુ ટ્રેઈન સુવિધા યાત્રિકોને મળી રહેશે.

ગુર્જર આંદોલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે ગણાવીને તેની ટિકા કરી છે. ટ્રેક પર જારી પ્રદર્શનના કારણે અનેક ટ્રેનોની સેવાને માઠી અસર થઈ છે. તેમણે કહ્યુ હતુ કે અમારી પાસે સારા વડાપ્રધાન અને મુખ્યપ્રધાન છે. અમે ઈચ્છીએ છીએ કે ગુર્જર સમુદાયની માંગને પૂર્ણ કરવામાં આવે. તેમની માટે અનામત માટેની માંગ પૂર્ણ કરવાની માંગ અયોગ્ય નથી. રાજ્ય સરકાર તેમના વચનને વે પાળે તે જરૂરી છે. પ્રદર્શનના કારણે પશ્ચિમી મધ્ય રેલવેના કોટા ડિવીઝનની સાત ટ્રેનોના રૂટ બદલી નાંખવામાં આવ્યા છે. એક ટ્રેન રદ કરી દેવામાં આવી છે. કેટલીક ટ્રેનોને અડવચ્ચે સુધી ચાલુ રાખવામાં આવી છે. કોટા ડીઆરએમ દ્વારા ટ્વીટ કરીને કહેવામાં આવ્યુ છે કે કેટલીક ટ્રેનોના રૂટ બદલી દેવામાં આવ્યા છે. દરમિયાન ગુર્જર આંદોલનને ધ્યાનમાં લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોંગ્રેસના સુત્રોએ કહ્યુ છે કે ગુર્જર નેતાઓની સાથે વાતચીત કરવા માટે એક સમિતીની રચના કરવામાં આવી છે.ગુર્જરોનુ આંદોલન છેલ્લા ૧૪ વર્ષથી ચાલી રહ્યુ છે. આજે ફરી આંદોલને ગતિ પકડી લીધી છે. શુક્રવારના દિવસે તીવ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા બાદ આજે પણ દેખાવો જારી રહ્યા હતા. મળેલી માહિતી મુજબ હજુ સુધી ૧૪ ટ્રેનોને રદ કરવામાં આવી ચુકી છે. ૨૦થી વધુ ટ્રેનોના માર્ગ બદલી દેવામાં આવ્યા છે. પ્રદર્શનના કારણે કેટલીક ટ્રેનોને અટકાવી દેવામાં આવી છે. રાજસ્થાનના કોટા મંડળમાં ગુર્જર આંદોલનના કારણે આંશિક ટ્રેનો રદ કરવામાં આવી હતી. અનેક ટ્રેનોના રુટ બદલી દેવામાં આવ્યા હતા. ટ્રેનોમાં ફેરફારના કારણે માહિતી મેળવવા માટે હેલ્પલાઈન નંબરો પણ જારી કરવામાં આવ્યા છે. પોલીસની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. આંદોલનને ધ્યાનમાં લઈને રાજસ્થાન આર્મી કોન્સ્ટેબલરી (આરએસી)ની ૧૭ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. જેમાં એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સ પણ સામેલ છે. બીજી બાજુ રાજસ્થાનની ગહેલોત સરકારનું કહેવું છે કે, તેઓ વાતચીત કરવા માટે તૈયાર છે. કાયદાકીય અડચણો દૂર કરવામાં આવી રહી છે. નાયબ મુખ્યમંત્ર સચિન પાયલોટ કહી ચુક્યા છે કે, પાંચ ટકાના ગુર્જર અનામતમાં જે કાયદાકીય અડચણો આવેલી છે તેમાં ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારે આના ઉપયોગ માટે પગલા લેવા જોઈએ. રાજ્ય સરકાર અને પાર્ટી ગુર્જર અનામતના મુદ્દે કટિબદ્ધ છે અને ન્યાય અપાવશે. રાજ્યમાં ગુર્જરના આંદોલનનો મામલો ૧૪ વર્ષ જુનો છે. ગુર્જર સંસ્થાઓ અને સમુદાય દ્વારા અનેક જટિલ માંગણી કરવામાં આવી છે જેમાં તેમના સમુદાયના લોકોને પાંચ ટકા અનામતની માંગણ કરવામાં આવી છે.